# मुनि प्रेमविजयनी टीप

**संपा. मुनि भुवनचन्द्र**

जगद्गुरु विजयहीरसूरीश्वरजीना समुदायना मुनि प्रेमविजयजीए स्वीकारेला नियमोनी सूचिनी आ प्रति तेमना पोताना उपयोगार्थे लखायेली जणाय छे। खंभातना श्री पार्श्वचन्द्रगच्छ संघ हस्तकना भंडारनी आ प्रति (विभाग २, प्रत क्र. ९०९) लाल अने काळी शाहीथी लखाई छे। अक्षरो सुंदर अने मोटां छे। एक पृष्ठमां ११ पंक्ति तथा एक पंक्तिमां सरेराश ३५ अक्षरो छे. पांच पत्रनी आ प्रति सारी स्थितिमां छे।

जैन श्रमणोए पालन करवाना पांच महाव्रत तथा अन्य आनुषांगिक नियमो उपरांतना स्वेच्छाए धारण करेला नियमोनी आ सूचि छे। संयमी जीवन कई सीमा सुधी जीवी शकाय तेनुं निदर्शन तो आमां मळे छे ज, परंतु प्रस्तुत नियमावलि मात्र कष्टमय जीवन जीववाना जड प्रयासरूप नथी; आंतरिक जागृति, नम्रता, सहजता तथा व्यावहारिक दृष्टिकोणनां पण आमां दर्शन थाय छे। अपवादोनुं आयोजन खास ध्यान खेंचे छे। भाषाकीय दृष्टिए पण आ कृति उपयोगी बनशे एवी आशा छे।

*

.।८०। परमगुरु विजयमान भट्टारिक श्री श्री... श्री हीरविजयसूरिगुरुभ्यो नमः। मुनि प्रेमविजयनी टीप लिखिइ छइ। जावजीवना अभिग्रह जाणिवा।

कलपडो, कांबली, संथारिउं, चोलपट्ट – एतलइ एक बोल। १

पात्रां त्रिण, पडलां पांच, रताणां त्रिण, झोली बदू-ए बोल बीजे। २

जावजीव औषधनुं पंचखाण, अथवा बइ आंखिनइ हेति, अथवा सर्पादिकनइ डंसइ, अथवा लू लागइ मोकलउ; अथवा प्रहारपाटूइं मोकलउ-ए बोल त्रीजउ। ३

विगइ पांचनुं पचखाण-ए चउथउ बोल। ४

नीलो नालिकेर १, गोटो २, टोपरां ३, खारीक ४, खजूर ५, द्राक्ष ६, लवंग ७, एलची ८, सुंठि ९, मिरी १०, पींपरि ११ – ए समस्तनुं पचक्खाण-ए बोल पांचमो। ५

खीरनुं पचखाण अनइ निवीनुं दूधनुं पचखाण-ए बोल छठउ। ६

धाननुं सूकउं सालणउं मोकलूं, अवर समस्त नीलवण अनइ समस्त सूकवण–ए समस्त खाउं सालणउं आदि देईनइ पचखाण-ए बोल सातमो। ७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दिन प्रतइं सालणां त्रिणि कलपइं; गांठसीनउं जावजीव पचखाण; जिवारइं छूटइ तिवारइं चउविहार; इम करतां विहरी आव्या पछी गांठसी छूटी सांभरइ तउ ते आहार जती वाधतो ऊसारइ तउ पचखाण भंग न थाइ; इम करतां ते आहार जती न खपावइ तो ते आहार हुं करी ऊठउं अनइ ऊठीनइ चउविहार पचखाण करुं। वली सहस्र सझाय उभां गणउं - ए बोल आठमो। ८

जावजीव बियासणउं तिविहार करिवउं - ए नवमो बोल। ९

पांणी पोतानी मात्राना तवा (?) पचखाण। इम करतां जती भगतइं करावइ तो करुं - ए बोल दसमो। १०

दिन प्रतइं देवदर्शन करिवउं, इम करतां वरांसइ न थाइ तु बीजइ दिवस सालणउं निषेध - ए बोल इग्यारमउ। ११

दिन प्रतइं त्रिकाल देव न वंदाइ तु बीजइ दिवस एक नउकरवाली ऊभां गुणवी - ए बोल बारमउ। १२

दिन प्रतिइं त्रिणि सहस्र सज्झाय गुणवो, पणि उपवासनइ दिवस, अनइ पारणानइ दिवस, अनइ विहार करिवउ होइ तिवारइ, अनइ योगादिकनइ कामइं, अनइं लिखवउं होइ तिवारइ, अनइ भणवउं होइ तिवारइं, अनइ वेयावच्च विशेष थकी करवउ होइ तिवारइं, अनइ लेप वाटवानइ काजइं, अनइ आलोयणनी सज्झाय करवी होइ तिवारइं, अनइ शरीरनइ कारणइं, अनइ लोच करवा होइ तिवारइं, एतलइ कारणइं सज्झायनी जइणा; अनइ दिन प्रतइं मोटका कारण विना सझाय-सहस्र न मूंकिवउं। जउ तीणइ दिवस न थाइ तउ बीजइ दिवस गुणी पुहचाडिवउं। एक नउकरवाली श्रीसेत्तुंजा नामनी, एक नउकरवाली श्रीसीमंधरसामिना नामनी, एक नोकरवाली श्रीगौतमसामिना नामनी, एक नोकरवाली श्रीआणंदविमलसूरिना नामनी, एक नोकरवाली श्रीविजयदानसूरिना नामनी, एक नोकरवाली श्रीहरिविजयसूरिना नामनी, एक नउकरवाली श्रीविजयसेनना नामनी, एक नउकरवाली श्रीविमलहर्ष उपाध्यायना नामनी, एक नउकरवाली पंडित श्रीवांदरऋषिना नामनी, एक नोकरवाली समस्त साधना नामनी - एतली १० नउकरवाली दिन प्रतिइं गणवी। कारण विना - ए बोल तेरमो। १३

सझ्यातरना घरनुं धृत, अनइ उधार्यं, अनइ गकार, अनइ चउथो आहार ए समस्तनो पचखाण - ए बोल चउदमो। १४

खेत्रातीत, कालातीत, मार्गातीत, ए आहारपाणी लेवा पचखाण। कारण विना। अनइ आहारपाणी जे नदी माहि लेई ऊतरइ छइ ते आहारपाणी लेवा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पचखाण। पण वासा चालवउं होइ, अनइ कोस त्रिण, तथा च्यार-पांच जावउं होइ, अनइ जो तथाविध गाम्म न आवइं तो कलपइ-ए बोल पनरमउ। १५

दिन प्रतइं आहार तिवारइं करुं (जिवारइं) दसवीकालिकनी सतर गाथा गुणउं। जउ न गुणाइ तउ बीजइ दिवस एक नोकरवाली गुणवी-ए बोल सोलमो। १६

जावजीव विगइ पा सेर उपरांत पचखाण। अथवा वाधतउ होइ तु मोकलूं-ए बोल सतरमउ। १७

नीवीनइ दिवस तीन घाणवा उपरांत दाधेल होइ तो कलपइ - ए बोल अढारमो। १८

मुझ थकी बीजा कुणहीनइं अप्रीति ऊपजइ तो बीजइ दिवस नीवी करिवी-ए बोल उगणीसमो। १९

अनइ परनउ अवगुण बोलवा पचखाण। इम करता वरांसइ बोलाइ तउ बीजइ दिवस सालणउं निषेध - ए बोल वीसमो। २०

दिन प्रतिइं थंडिल पडिलेहवा; इम करतां न पडिलेहाइ तु बीजइ दिवस नीवी करवी - ए बोल इकवीसमो। २१

भइरव, सालू, महिमदी, बाहादरी, झूनो, गोडीउं, अटाण, श्रीबाप, तथा रेसमी वस्त्र-ए आदि देईनइ समस्तनउं पचखाण - ए बोल बावीसमुं। २२

पोथी एक, पाठां धोलां बि, वीटगणउ एक-ए बोल त्रेवीसमो। २३

सूत्रनी नुकरवाली, अथवा पत्रजीवानी पण एक राखुं - ए बोल चउवीसमउ। २४

अणगल्यउं पाणी वावरवा पचखाण। इम करतां वरांसइ ववराइ तु नुकरवाली एक ऊभां गुणउं—ए बोल पंचवीसमो। २५

जती बिहुंनइ दिन प्रतइं वीसामण करिवी। कारण विना — ए बोल छावीसमउ। २६

विहरवां गयां जे हींड्यो विहरावइ ते विहरुं। खपसारू ना न कहिवी - ए बोल सत्तावीसमउ। २७

मास माहि उपवास पांच, आंबिल बि, निवी पांच करवी। एतलो तप शरीरनइ कारणइं न थाइ तउ जे तपनी जेतली सझाय थाइ ते तपनी तेतली सझाय गुणी पुहचाडवी - ए बोल अठावीसमउ। २८

विहरवानी वस्त छुटी नखाय तु, अनइ छूटी नांखी लिवाइ तु एक नउकरवाली

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुणवी-ए बोल इगुणत्रीसमो । २९

उधाडइ मुढइ बोलाइ तु नोकार वीस गुणवा, अनइ आहार करतां कउगला कीधा पाखइ बोलाइ तु नउकरवाली एक गुणवी - ए बोल तीसमो । ३०

काजउ अणपूंज्यइ बइसाइ तु, उधर्या पाखइ बइसाइ तो नोकरवाली एक गुणवी-ए बोल इकत्रीसमउ । ३१

वडिलेहण करतां, अनइ पडिकमणुं करतां बोलवा पचखाण; गुरु बोलावइं तिवारइं बोलउं, बीजी परइं बोलाइ तु नउकरवाली एक ऊभां गुणवी-ए बोल बत्रीसमउ । ३२

संथारीउ अनइ उतरपटणउं उपरांत अधिकउं उपगरण पाथरवा पचखाण; अनइ उसीसइ पण किसी वस्त मूंकवा पचखाण । उसीसइ बाहइं अनइ शरीरनइ कारणइं तीन पड ऊढवां - ए बोल तेत्रीसमो । ३३

माहरी मात्रानुं उपगरण अणपडिलेह्युं रहइ तो नउकरवाली एक गुणवी - ए बोल चउत्रीसमो । ३४

जावजीव पाडिहारू वस्त्र अथवा कांबलो-कांबली वावरवा पचखाण; अनइ कारणइं पणि वावरवा पचखाण-ए छत्रीसमो बोल । ३६

माहरइ डीलिइं तेल आदि देइनइ विलेपणनी जात चोपडवा पचखाण; इम करतां कोई बलात्कारइं चोपडइ तु बीजइ दिवस नोकरवालीनुं दंड १-ए बोल सांत्रीसमउ । ३७

रातइं अखोडा-पखोडा न पडिलेहाइ तो नोकरवाली एक-ए बोल अठत्रीसमो । ३८

सीकीनी पडिलेहण पचवीस, उवधिनी पडिलेहण पचवीस, थापनानी पडिलेहण तेर, डांडो, डंडासणों, काणदोरु, उघारो-ए समस्तनी पडिलेहण दस, - एणइ प्रकारइं जेहनी जेतली पडिलेहण छइं तेहनी तेतली पडिलेहण करिवी । अधिकी-ऊछी थाइ तो नउकार पांच, पडिलेहण डीठ गुणवा । पणि इणी विधि पडिलेहण पोताना उपगरणनी पडिलेहण करिवी । कारण विना - ए बोल इगुणच्यालीसमो । ३९

सीकी, उपधि, डांडो अणपूंज्यो लेवाइ तु, अनइ अणपूंज्यो मूंकाइ तु एक नोकरवाली गुणवी - ए बोल च्यालीसमउ । ४०

सांजइ सरीर अकालसन्ध्या थाइ तु आंबिलतप करी पुहचाडवो, अनइ सझ्यातर घर कीधइ जो हींड्या पण न पलइ तो भंगइं आंबिलतप करी पुहचाडिवउं-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ए बोल इकतालीसमो । ४१

अनइ इरियावही पडिकम्या पाखइ आहारपाणी कराइ तो नउकार पांच गुणवा-ए बोल बितालीसमो । ४२

ठाबडइ भागइ छठतप करी पुहचाडवो - आंबिल तथा नीवी तथा सझाय सहस्र च्यार गुणी पुहचाडवो-ए बोल त्रइतालीसमो । ४३

मात्रउं अणपूंज्यइ परठवाइ तु, अनइं ऊभां परठवाइ तउ नोकार पांच गुणवा। कारण विना । - ए बोल चउतालीसमउ । ४४

माहरइ काजइं माहरइ मुंढइ खारुं-खाटउं कहवा पचखाण, वरांसतां कहवाइ तउ नउकारवालिनउ दंड १; अनइ जती प्रतइं अथवा ग्रहस्त प्रतइं माहरा मूंढइ मुंहइं थकी कठोरभाषा बोलाइ तउ नोकरवाली दस गुणवी - ए बोल पचतालीसमउ । ४५

इणी प्रकारइं पचतालीस बोल लख्या छइं । श्री सीमंधरस्वामी साखि । प्रतिदिन विजयमान भट्टारिक परमगुरु तपागच्छतिलकसमान, विस्वाधार, कलिकाल-गौतमावतार, कल्पद्रुम, गच्छाधिराज श्री श्री..... हीरविजयसूरि - तत्पट्टप्रभाकर, धर्मभारधोरिंधर, सौभाग्यवंत आचार्यपदचक्रसमान, संयमश्रीहृदयह्वार, कूर्चालसरस्वती, प्रतक्षभारती, चतुर्बुद्धिनिधान, वादीगजपंचानन, कुमतिमानमर्दन आचार्य श्री श्री... विजयसेनूरि- तद्‌गच्छे वाचक चक्रचूडामणिसमान महोपाध्याय श्री श्री... बिमलहर्षगणि-तत्शिष्य मुनि प्रेमविजयनी टीपणी जाणिवी ।

संवत् १६३९ वर्षे आसो सुदि १ दिने वारु गुरुदिने लिखितं । छ । छ । मुनि प्रेमविजयपठनार्थं ।

कल्याणं भवतुमिति भद्रं । गुरुप्रसादात् ॥

[**नोंध :** पांत्रीशमा बोलनो पाठ खूटे छे — **ह. भा.**]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org